**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૩/૦૧/૨૦૨૫    શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૨/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૧૧ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રુપિયા ૨૫,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ-    સમાચાર યાદી નં.૧૪/૨૦૨૫

**રખિયાલઃ** રોમેશભાઈ ગૌતમકુમાર ભટ્ટ (ઉ.વ.૫૯) (રહે. લીટલ ફ્લાવર એપાર્ટમેન્ટ મુક્તિ મેદાન મણીનગર) એ તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રખિયાલ ગાલા વેર હાઉસ જુના નવનીત પ્રકાશન સુખરામનગર ખાતે ભાડેથી ગોડાઉનમા કાગળના બંડલ નંગ-૨૮૭ મુકેલ હતા. તા.૦૧/૦૭/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગાલા વેર હાઉસના માલીક વિશાલ ગાલા (રહે. દેવ રેસીડેન્સી મહાલક્ષ્મી ચાર રસ્તા પાલડી) તથા ગાલા વેર હાઉસના મેનેજર (૨) જયેશ કોઠારી એ ભેગા મળી રોમેશભાઈ ભટ્ટ એ ભાડેથી ગોડાઉનમાં મુકેલ કાગળના બડલ નંગ-૨૮૭ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- રોમેશભાઈને પરત નહી આપી સગે-વગે કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ગામી ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** બ્રિજેશ સ/ઓ અમરતભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. અનમોલ ટાવર ટેલીફોન એક્ષચેન્જ સામે શાસ્ત્રીનગર) એ તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે બ્રિજેશ પટેલ નાઓ માધવપુરા ઇદગાહ માણેકચોક મીલ કમ્પાઉન્ડ ખાતે અર્બુદા સેલ્સ કોર્પોરેશન નામની પેઢી ધરાવી ધંધો કરતા હોય જે પેઢીમાં સેલ્સ અને કલેશનના કામમાં નોકરી કરતા જીગ્નેશ પરેશકુમાર શાહ (રહે. કામધેનુ ફ્લેટ સંતકબીર સ્કુલની બાજુમાં, નારણપુરા) નાઓએ માહે જાન્યુઆરી/૨૦૨૪ થી તા.૨૮/૦૫/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન વેપારીઓ તેમજ ખેડુતોના સંપર્કમાં રહી સમગ્ર સૌરાષ્ટ્રમાં વેપારીના માલનો ઓર્ડર મેળવી પર્ચેજ ઓર્ડર મુજબ બીલો બનાવડાવી ટ્રાન્સપોર્ટ દ્વારા વેપારીઓને માલ મોકલી આપી વેપારીના નામનું ઇન્વોઇશ અને ઇ વે બીલ બનાવી તથા ટ્રક ડ્રાયવરને વોટસએપથી મોકલી આપી વેપારીને માલની ડીવલરી કરવામાં આવતી હતી. જીગ્નેશભાઇ મોબાઇલ ફોન બંધ કરી નોકરી છોડી જતા રહેતા વેપારીઓ તથા ખેડુતોને મોકલાવેલ માલના નાણાંની ઉઘરાણી કરતા જાણવા મળેલ જીગ્નેશ શાહ એ માલના કુલ રૂપિયા ૮૫,૦૬,૨૯૯/- મેળવી લઈ પેઢીમાં જમા નહી કરાવી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી વી.એસ.સિસોદિયા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫/૨૦૨૫</u>**

**એલીસબ્રીજઃ** એલીસબ્રીજ સુદામા રિસોર્ટની બાજુમાં દેવસિધ્ધી ફ્લેટ ખાતે રહેતા યુવકે તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આ યુવકના પત્ની મૃત્યું પામતા તેઓએ લગ્ન માટે અખબારમાં જાહેરાત આપતા અજાણી મહીલાએ આ યુવકના મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરેલ તેમજ તેમના પતિનું એક્સીડન્ટ થતા મૃત્યું થયુ હોય લગ્ન કરવાની વાત કરેલ અને રાજસ્થાનના વતની હોવાનું જણાવતા આ યુવકે આ મહીલાને ઘર જોવા આમંત્રણ આપ્યુ હતું. લગ્ન કરવાની વાત થયેલ તે મહીલા તેમજ તેની સાથે અન્ય બીજી મહીલા તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે એલીસબ્રીજ ખાતે આ યુવકના ઘરે આવેલ અને યુવકના ઘરે રોકાયેલ હતી, અને સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પરત તેમના વતન જવાનું કહેતા આ યુવક બન્ને મહીલાઓને સાબરમતી રેલવે સ્ટેશન મુકી પરત ઘરે આવી આ મહીલાઓ જે બેડરૂમમાં રોકાયેલ હતી તે રૂમના કબાટમાં જોતા રોકડ રૂપિયા ૮,૫૦,૦૦૦/- તેમજ સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી આવેલ નહી જેથી આ યુવકના ઘરમાં રોકાયેલ હતી તે મહીલાઓનો સંપર્ક કરતા તેઓએ ફોન કટ કરી ફોન બંધ કરી દીધો હતો. આમ લગ્ન વિષયક વાત કરવાના બહાને યુવકના ઘરે આવેલ બે મહીલાઓ યુવકના ઘરના કબાટમાંથી કુલ રૂપિયા ૮,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** નીતીન પ્રિતીષ કુમાર (ઉ.વ.૨૪) (રહે. પ્રિત રેસીડેન્સી ચાણક્યપુરીબ્રીજ પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૫ના બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે બારીના સળીયા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી